**ફો.કે.નં.૧૦૨૮૩૨/૨૦૨૫**

## **-:: આંક-૧ નીચે હુકમ ::-**

આજરોજ લોક અદાલતમાં ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૮ (બી.એન.એસ.એસ. એકટ ૨૦૨૩ ની કલમ-૨૮૧) અન્વયે મહત્તમ જુના કેસોનો નિકાલ કરવા મેજીસ્ટ્રેટનું સ્પેશીયલ સીટીંગ યોજવા ના.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા હુકમ કરેલ છે. જે અન્વયે અત્રેની અદાલતમાંનો સદર ઉપરોકત કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે. સદર કેસમાં અગાઉ આરોપી નં.૧ થી ૭ તથા નં.૯ નાઓ કેસ કબુલાતથી ફેસલ કરેલ છે અને આરોપી નં.૮ સામે કેસ ચાલુ રાખવાનો હુકમ કરેલ હતો ત્યારબાદ આરોપી નં.૮ વિરૂધ્ધ પ્રોસેસ બજવણી માટે ઈશ્યુ કરવા છતાં બજવણી થઈ શકેલ નથી

આ કેસનું રેકર્ડ જોતા તથા રોજકામ વંચાણે લેતા આરોપી સામે અગાઉ વારં વાર પ્રોસેસ ઈસ્યુ થયેલ છે પરંતુ તે પ્રોસેસ પોલીસ ધ્વારા બજાવી પરત મોકલાવેલ નથી. જેથી નજીકના ભવિષ્યમાં આરોપી ત્યાં મળી આવે તેવુ જણાઈ આવતુ નથી. વધુમાં હાલનો કેસ પોલીસ ધ્વારા રજુ થયેલ હોય સમન્સ/સમરી ટ્રાયલના પ્રબંધો મુજબ ચાલવાપાત્ર છે. જેથી ફરીયાદીપક્ષને પુરતી તક આપવા છતાં પોલીસ પ્રોસેસ ની અસરકારક બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેમજ આરોપીનો પત્તો (WHERE ABOUTS) નથી. ફરીયાદપક્ષે, પોલીસે પ્રોસેસની બજવણી માટે કોઈ અસરકારક પગલા લીધેલ નથી અને નિષ્કાળજી દાખવેલ છે. આ સંજોગો જોતાં આ કેસ પેન્ડીંગ રાખવામાં કોર્ટનો અને રાજયના અધિકારીઓનો કીંમતી સમય બગડે તેમ જણાય છે. વધુમાં ના.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સરકયુલર નં. C. 2611/2001, Date:11/10/2001 માં પેરા-૭માં પ્રસ્થાપીત કરેલ છે કે "The summons and process could be handed over to the public prosecutor incharge of the case to cause them to be served on the witness, as per the schedule fixed by the Court". જેથી સદર હકીકતો જોતા કોર્ટ ઉપરાંત પ્રોસીકયુશનની પણ જવાબદારી રહેલી છે અને ઉપરોકત હકીકતો ધ્યાને લેતા સદર કામમાં છેલ્લા ઘણા સમયથી પ્રોસેસ આરોપીને બજતા નથી અને વિ.આસી.પબ્લિક પ્રોસેકયુટરશ્રી ધ્વારા પણ તેઓના તાબાની તપાસ એજન્સીને સદર પ્રોસેસ નહી બજવા કોઈ સખત સુચન કરેલ હોવાનું જણાતુ નથી. વધુમાં ના. સુ.કો. ધ્વારા રેનુકા વિ. સ્ટેટ ઓફ કર્નાટક, ૨૦૦૯ ક્રિ.લો.જ. ૨૨૭૫ ના ચુકાદામાં વર્ણવેલ સિધ્ધાંત ધ્યાને લેતા હાલના કેસમાં ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૮ (બી.એન.એસ.એસ. એકટ ૨૦૨૩ ની કલમ-૨૮૧) હેઠળ હુકમ કરવો ઉચીત જણાય છે. જેથી ઉપરોકત હકીકતોએ ક્રિ.પ્રો.કો.ક.૨૫૮ ઘડવાનો પાર્લામેન્ટનો હેતુ ધ્યાને લેતા, ગુનાની ઓછી ગંભીરતા ધરાવતા કેસો કે આરોપીના ઈરાદા સિવાય ફકત બેદરકારીના કારણે બનેલા કેસો લાંબો સમય પડતર રાખવા ઉચીત નથી

અને જો આરોપીની ચોકકસ હાજરી સદર હુકમ થયા બાદ પણ પોલીસ એજન્સી શોધી શકે તો પણ ક્રિ.પ્રો. કોડ કલમ–૩૦૦(૫) (બી.એન.એસ.એસ. એકટ ૨૦૨૩ ની કલમ–૩૩૭(૫)) ના પ્રબંધો ફરીયાદપક્ષને ઉપલબ્ધ હોય છે. જેથી ઉપરોકત હકીકતોએ આ કેસનું આગળનું પ્રોસીડીગ્સ સ્ટોપ કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે તો તે ન્યાયોચીત હોય જેથી નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ:: –**

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ (બી.એન.એસ.એસ. એકટ ૨૦૨૩ ની કલમ–૨૮૧) અન્વયે આરોપી સામે આગળનું પ્રોસીડીગ્સ હાલના તબકકે સ્ટોપ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આરોપીની ગેરહાજરીના કારણે કરવો પડેલ હોય જેથી કચેરીએ આરોપી સામે તે મળી ન આવે ત્યાં સુધી અમલમાં રહે તેવુ વોરંટ ઈસ્યુ કરવુ અને પોલીસે તે બજવણી કરવા યોગ્ય પ્રયત્ન કરવા અને વોરંટ અન્વયે જો આરોપી ભવિષ્યમાં મળી આવે તો તેની સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦(૫) (બી.એન.એસ.એસ. એકટ ૨૦૨૩ ની કલમ–૩૩૭(૫)) મુજબની આ કોર્ટ ઘ્વારા પરવાનગી અપાયેલ છે તેમ ગણી જે તે તબકકેથી કેસ આગળ ચલાવવો.

મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ આજરોજ લોક અદાલતમાં યોજાયેલ મેજીસ્ટ્રેટના સ્પેશીયલ સીટીંગ અન્વયે અદાલત રૂમમાં વાંચી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬.
મુકામ : અમદાવાદ

(એસ.જે.પંચાલ)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર,
(જી.જે.૦૦૮૬૪)